૧. નીચેની માહિતી પરથી તા. ૩૧-૧૨-૨૦૧૪ ના રોજ પૂરા થતા ત્રણ માસનું સિમરન લિ. નું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

(૧) તા. ૧-૧૦-૨૦૧૪ ના રોજ રોકડ સિલક રૂ. ૧,૫૦,૦૦૦.

(૨) કુલ વેચાણના ૨૦% રોકડ વેચાણ છે. ઉઘરાણીની મુદત ૧ ૧/૨ માસ છે.

(૩) દરેક મહિનાના અંદાજી વેચાણ માટે જરૂરી ખરીદી તેના અગાઉના મહિને કરવામાં આવે છે. જે પૈકી ૨૫% તુરંત જ ચૂકવાય છે. બાકીના ખરીદી પછીના મહિને ચૂકવાય છે.

(૪) ૫% લેખે વેચાણ પર કમિશન, વેચાણ થયા પછીના મહિને ચૂકવાય છે.

(૫) કંપની રૂ. ૪,૦૦,૦૦૦ ની ૧૨% ની સરકારી જામીનગીરી ધરાવે છે. જેના પર વ્યાજ માસિક ધોરણે ચૂકવાય છે.

(૬) વેચાણ પર કમિશન

| ખરેખર | | અંદાજિત | | | |
|---|---|---|---|---|---|
| સપ્ટે. ૨૦૧૪ (રૂ.) | ઓક્ટો. ૨૦૧૪ (રૂ.) | નવે. ૨૦૧૪ (રૂ.) | ડિસે. ૨૦૧૪ (રૂ.) | જાન્યુ. ૨૦૧૫ (રૂ.) | ફેબ્રુ. ૨૦૧૫ (રૂ.) |
| ૩૫,૦૦૦ | ૪૦,૦૦૦ | ૪૫,૦૦૦ | ૫૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૬૦,૦૦૦ |

(૭) કુલ માસિક પરોક્ષ ખર્ચ રૂ. ૩,૦૦,૦૦૦ છે, જેમાં કાયમી મિલકતો પરના ઘસારાના રૂ. ૧૦,૦૦૦ નો સમાવેશ થાય છે.

(૮) ઓક્ટોબર-૨૦૧૪ માં એક નવું યંત્ર રૂ. ૭,૦૦,૦૦૦ માં ખરીદવાનું છે. રૂ. ૧,૦૦,૦૦૦ ડિલીવરી વખતે અને બાકીની રકમ એકસરખા દ્વિમાસિક હપતામાં ૧૨% વાર્ષિક વ્યાજ સહિત ચૂકવવાના છે.

(૯) એક જૂનું યંત્ર રૂ. ૫,૦૦,૦૦૦ માં ઓક્ટોબર ૨૦૧૪ માં વેચવાનું છે.

(૧૦) ડિસેમ્બર માસમાં આવેલ રોકડ તૂટને સરભર કરવા માટે કંપનીએ ૧૦% ના એવા કેટલા ડિબેન્ચર બહાર પાડવા જોઈએ (જેનો વટાવનો દર ૧% છે) તે ગણો.

(દ. ગુ. યુનિ., ટી.વાય., નવેમ્બર/ડિસેમ્બર : ૨૦૧૪)

જવાબ :

ઓક્ટોબરથી ડિસેમ્બર, ૨૦૧૪ સુધીના ૩ માસનું
રોકડ અંદાજપત્ર

| વિગત | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|
| શરૂની સિલક | ૧,૫૦,૦૦૦ | ૭૯,૦૦૦ | -૩,૯૭,૦૦૦ |
| રોકડ આવકો | | | |
| રોકડ વેચાણ | ૧,૮૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ |
| ઉઘરાણી | ૬,૦૦,૦૦૦ | ૬,૮૦,૦૦૦ | ૭,૬૦,૦૦૦ |
| વ્યાજની આવક | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ |
| જૂના મકાન વેચાણની આવક | ૫,૦૦,૦૦૦ | - | - |
| કુલ આવક (અ) | ૧૪,૩૪,૦૦૦ | ૯,૬૩,૦૦૦ | ૫,૮૭,૦૦૦ |
| રોકડ જાવકો | | | |
| રોકડ ખરીદી | ૨,૫૦,૦૦૦ | ૨,૭૫,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| લેણદારોને ચૂકવ્યા | ૬,૭૫,૦૦૦ | ૭,૫૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ |
| વેચાણ પર કમીશન | ૪૦,૦૦૦ | ૪૫,૦૦૦ | ૫૦,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨,૯૦,૦૦૦ | ૨,૯૦,૦૦૦ | ૨,૯૦,૦૦૦ |
| યંત્ર ખરીદી | ૧,૦૦,૦૦૦ | - | - |
| યંત્ર ખરીદીનો હપ્તો | - | - | ૧,૧૨,૦૦૦ |
| કુલ જાવકો (બ) | ૧૩,૫૫,૦૦૦ | ૧૩,૬૦,૦૦૦ | ૧૫,૭૭,૦૦૦ |
| છેવટની સિલક (અ - બ) | ૭૯,૦૦૦ | -૩,૯૭,૦૦૦ | -૯,૯૦,૦૦૦ |

છેવટની સિલક રૂ. ૯,૯૦,૦૦૦ સરભર કરવા કંપનીએ ૧૦,૦૦,૦૦૦ ના ૧૦% ના ડિબેન્ચર ૧% વટાવે બહાર પાડવા જોઈએ.

| | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી |
|---|---|---|---|---|---|---|
| વેચાણ કમિશન (૫%) | ૩૫,૦૦૦ | ૪૦,૦૦૦ | ૪૫,૦૦૦ | ૫૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૬૦,૦૦૦ |
| વેચાણ (૧૦૦%) | ૭,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૯,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૧૧,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ |

| | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી |
|---|---|---|---|---|---|---|
| કુલ વેચાણ | ૭,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૯,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૧૧,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ |
| - રોકડ વેચાણ (૨૦%) | ૧,૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| ઉધાર વેચાણ (૮૦%) | ૫,૬૦,૦૦૦ | ૬,૪૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૮,૮૦,૦૦૦ | ૯,૬૦,૦૦૦ |
| | | ૨,૮૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | | | |
| | | | ૩,૨૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | | |
| | | | | ૩,૬૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ | |
| | | | | | ૪,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| ઉઘરાણી | | | ૬,૦૦,૦૦૦ | ૬,૮૦,૦૦૦ | ૭,૬૦,૦૦૦ | |

| | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|
| ખરીદી | ૯,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૧૧,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ |
| - રોકડ ખરીદી (૨૫%) | ૨,૨૫,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૨,૭૫,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| ઉધાર ખરીદી (૭૫%) | ૬,૭૫,૦૦૦ | ૭,૫૦,૦૦૦ | ૮,૨૫,૦૦૦ | ૯,૦૦,૦૦૦ |

UDHNA ACADEMY EDUCATION TRUST
UCCC & SPBCBA & SDHG COLLEGE OF BCA & IT
SELF FINANCED B.Com LIBRARY
UDHNA, SURAT

૨. શ્રેય લિ. ની નીચેની વિગતો પરથી ઓક્ટોબર માસ માટેના રોકડ અંદાજપત્ર માટે મળેલ રકમ શોધો :

| માસ | કુલ વેચાણ (રૂ.) | માસ | કુલ વેચાણ (રૂ.) |
|---|---|---|---|
| જુલાઈ | ૨,૪૦,૦૦૦ | સપ્ટેમ્બર | ૩,૨૦,૦૦૦ |
| ઓગષ્ટ | ૨,૮૦,૦૦૦ | ઓક્ટોબર | ૩,૬૦,૦૦૦ |

કુલ વેચાણના ૩૦% રોકડ વેચાણ છે. ઉધાર વેચાણના ૫૦% નાણાં વેચાણ પછીના મહિને, ૪૦% ત્યારબાદના બીજા મહિને અને ૧૦% નાણાં ત્રીજા મહિને મળે છે. (Ans- 315200)

(દ. ગુ. યુનિ., ટી.વાય., માર્ચ/એપ્રિલ : ૨૦૧૪)

જવાબ :

| માસ | વેચાણ | રોકડ વેચાણ (૩૦%) | ઉધાર વેચાણ (૭૦%) | ઉધાર વેચાણના (૫૦%) | ઉધાર વેચાણના (૪૦%) | ઉધાર વેચાણના (૧૦%) |
|---|---|---|---|---|---|---|
| જુલાઈ | ૨,૪૦,૦૦૦ | ૭૨,૦૦૦ | ૧,૬૮,૦૦૦ | ૮૪,૦૦૦ | ૬૭,૨૦૦ | ૧૬,૮૦૦ |
| ઓગષ્ટ | ૨,૮૦,૦૦૦ | ૮૪,૦૦૦ | ૧,૯૬,૦૦૦ | ૯૮,૦૦૦ | ૭૮,૪૦૦ | ૧૯,૬૦૦ |
| સપ્ટેમ્બર | ૩,૨૦,૦૦૦ | ૯૬,૦૦૦ | ૨,૨૪,૦૦૦ | ૧,૧૨,૦૦૦ | ૮૯,૬૦૦ | ૨૨,૪૦૦ |
| ઓક્ટોબર | ૩,૬૦,૦૦૦ | ૧,૦૮,૦૦૦ | ૨,૫૨,૦૦૦ | ૧,૨૬,૦૦૦ | ૧,૦૦,૮૦૦ | ૨૫,૨૦૦ |

ઓક્ટોબર માસમાં મળેલ રકમ = ૧,૦૮,૦૦૦ + ૧,૧૨,૦૦૦ + ૭૮,૪૦૦ + ૧૬,૮૦૦
= ૩,૧૫,૨૦૦

૩. નીચે આપેલી વિગતો પરથી રાજ લિ. નું ૩૧ મી જુલાઈ, ૨૦૧૨ ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

(૧)

| માસ | વેચાણ (રૂ.) | મજૂરી (રૂ.) | પરોક્ષ ખર્ચા (રૂ.) |
|---|---|---|---|
| માર્ચ | ૪,૦૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| એપ્રિલ | ૩,૦૦,૦૦૦ | ૭૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| મે | ૨,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| જૂન | ૨,૫૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| જુલાઈ | ૩,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૬૦,૦૦૦ |

(૨) ૧ લી મે, ૨૦૧૨ ના રોજની શરૂઆતની રોકડ સિલક રૂ. ૨૫,૦૦૦ છે.

(૩) જુલાઈ માસનું રોકડ વેચાણ રૂ. ૧,૫૩,૫૯૦ હશે, ઉધાર વેચાણમાં માર્ચ માસથી દર મહિને ક્રમશઃ ૧૦% નો વધારો થાય છે.

(૪) દેવાદારો પાસેથી ઉઘરાણી વેચાણ પછીના માસમાં ૫૦% અને બાકીના ત્યાર પછીના માસમાં થાય છે.

(૫) વેચાણની ૮૦% જેટલી ખરીદી તેના અગાઉના મહિને કરવામાં આવે છે અને ચુકવણી ખરીદી પછીના મહિને કરવામાં આવે છે.

(૬) રૂ. ૧૦૦ નો એક એવા ૬% ના રૂ. ૩,૦૦,૦૦૦ ના ડિબેન્ચર બહાર પાડવામાં આવ્યા હતા, જેના પર ત્રિમાસિક વ્યાજ માર્ચ અને જૂન માસમાં ચૂકવવામાં આવે છે.

(૭) વેચાણ પર કમિશન, ઉધાર વેચાણ પર ૫% લેખે વેચાણ પછીના મહિને ચૂકવવામાં આવે છે.

(૮) પરોક્ષ ખર્ચામાં માસિક રૂ. ૧૦,૦૦૦ ઘસારાનો સમાવેશ થાય છે.

(૯) જુલાઈ માસમાં રૂ. ૨૫,૦૦૦ નો એડવાન્સ ટેક્ષ ચૂકવવાનો છે.

(૧૦) મજૂરીની ચુકવણીનો સમયગાળો ૧ માસ અને પરોક્ષ ખર્ચનો ૧/૨ માસ છે.

(દ. ગુ. યુનિ., ટી.વાય., માર્ચ, ૨૦૧૨)

(Ans. બાકી - May = -7500, June = -194650, July = -300665)

SELF FINANCED B.Com LIBRARY

જવાબ :

| વેચાણ | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ |
|---|---|---|---|---|---|
| કુલવેચાણ | ૪,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| - રોકડ વેચાણ | ૩,૦૦,૦૦૦ | ૧,૯૦,૦૦૦ | ૭૯,૦૦૦ | ૧,૧૬,૯૦૦ | ૧,૫૩,૫૯૦ |
| ઉધાર વેચાણ | ૧,૦૦,૦૦૦ | ૧,૧૦,૦૦૦ | ૧,૨૧,૦૦૦ | ૧,૩૩,૧૦૦ | ૧,૪૬,૪૧૦ |

| | |
|---|---|
| ધારો કે ઉધાર વેચાણ | ૧૦૦ |
| + ૧૦% વધારો | ૧૦ |
| કુલ ઉધાર વેચાણ | ૧૧૦ |

જૂન માસ : ૧૧૦ → ૧૦૦ ; ૧,૪૬,૪૧૦ → (?) = ૧,૩૩,૧૦૦

મે માસ : ૧૧૦ → ૧૦૦ ; ૧,૩૩,૧૦૦ → (?) = ૧,૨૧,૦૦૦

એપ્રિલ માસ : ૧૧૦ → ૧૦૦ ; ૧,૨૧,૦૦૦ → (?) = ૧,૧૦,૦૦૦

માર્ચ માસ : ૧૧૦ → ૧૦૦ ; ૧,૧૦,૦૦૦ → (?) = ૧,૦૦,૦૦૦

| ઉઘરાણી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ |
|---|---|---|---|---|---|
| ઉધાર વેચાણ | ૧,૦૦,૦૦૦ | ૧,૧૦,૦૦૦ | ૧,૨૧,૦૦૦ | ૧,૩૩,૧૦૦ | ૧,૪૬,૪૧૦ |
| | | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ | | |
| | | | ૫૫,૦૦૦ | ૫૫,૦૦૦ | |
| | | | | ૬૦,૫૦૦ | ૬૦,૫૦૦ |
| | | | | | ૬૬,૫૫૦ |
| ઉઘરાણી | | | ૧,૦૫,૦૦૦ | ૧,૧૫,૫૦૦ | ૧,૨૭,૦૫૦ |

| ખરીદી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ |
|---|---|---|---|---|---|
| વેચાણના ૮૦% | ૨,૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | |

મે થી જુલાઈ, ૨૦૧૨ સુધીના ૩ માસનું
રોકડ અંદાજપત્ર

| વિગત | મે | જૂન | જુલાઈ |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | ૨૫,૦૦૦ | -૭૧,૫૦૦ | -૧,૭૪,૬૫૦ |
| **રોકડ આવકો** | | | |
| રોકડ વેચાણ | ૭૯,૦૦૦ | ૧,૧૬,૯૦૦ | ૧,૫૩,૫૯૦ |
| ઉઘરાણી | ૧,૦૫,૦૦૦ | ૧,૧૫,૫૦૦ | ૧,૨૭,૦૫૦ |
| કુલ રોકડ આવક (અ) | ૨,૦૯,૦૦૦ | ૧,૬૦,૯૦૦ | ૧,૦૫,૯૯૦ |
| **રોકડ જાવકો** | | | |
| લેણદારને ચૂકવણી | ૧,૬૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા | ૪૫,૦૦૦ | ૪૫,૦૦૦ | ૪૫,૦૦૦ |
| મજૂરી | ૭૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૯૦,૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ | - | ૪,૫૦૦ | - |
| વેચાણ કમિશન | ૫,૫૦૦ | ૬,૦૫૦ | ૬,૬૫૫ |
| એડવાન્સ ટેક્ષ | - | - | ૨૫,૦૦૦ |
| કુલ રોકડ જાવકો (બ) | ૨,૮૦,૫૦૦ | ૩,૩૫,૫૫૦ | ૪,૦૬,૬૫૫ |
| અંદાજીત સિલક (અ - બ) | -૭૧,૫૦૦ | -૧,૭૪,૬૫૦ | -૩,૦૦,૬૬૫ |

૪. રાજવી હૉટેલ્સ લિમિટેડની નીચેની માહિતી ઉપરથી આક્ટોબરથી ડિસેમ્બર, ૨૦૧૨ સુધીના ત્રણ માસનું રોકડ બજેટ બનાવો :

(૧) તા. ૧-૧૦-૨૦૧૨ ના રોજ રોકડ સિલક રૂ. ૬૦,૦૦૦ છે.

(૨)

| માસ | કુલ વેચાણ (રૂ.) | કુલ ખરીદી (રૂ.) | મજૂરી (રૂ.) | પરોક્ષ ખર્ચા (રૂ.) |
|---|---|---|---|---|
| ઓગષ્ટ | ૪,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| સપ્ટેમ્બર | ૩,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૭૨,૦૦૦ | ૬૦,૦૦૦ |
| ઓક્ટોબર | ૪,૫૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૯૬,૦૦૦ | ૯૦,૦૦૦ |
| નવેમ્બર | ૬,૦૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| ડિસેમ્બર | ૩,૫૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૮૪,૦૦૦ | ૭૦,૦૦૦ |

(૩) કુલ વેચાણના ૨૦% રોકડ વેચાણ અને ૮૦% ઉધાર વેચાણ છે.

(૪) ઉધાર વેચાણના ૫૦% વેચાણ પછીના મહિનામાં અને બાકીના ૫૦% બીજા મહિનામાં વસૂલ થાય છે.

(૫) ખરેખર વેચાણ થયા પછીના મહિનામાં કુલ વેચાણ પર ૧% લેખે કમિશન આપવાનું છે.

(૬) કુલ ખરીદીના ૨૦% રોકડ ખરીદી અને ૮૦% ઉધાર ખરીદી ધારો.

(૭) વેપારીઓએ આપેલ શાખનો ગાળો ૨ મહિના છે.

(૮) મજૂરી ચૂકવવાનો સમયગાળો ૧/૨ માસ અને પરોક્ષ ખર્ચા ચૂકવવાનો સમયગાળો ૧/૪ માસ છે.

(૯) ૨૦૧૧-'૧૨ ના વર્ષનું ડિવિડન્ડ રૂ. ૮૦,૦૦૦ ડિસેમ્બરમાં ચૂકવવાનું છે.

(ઉ. ગુ. યુનિ., ટી.વાય., નવેમ્બર, ૨૦૧૩)

(Ans: Oct = 56500, Nov = 68500, Dec = 95000)

જવાબ :

ઓક્ટોબર થી ડિસેમ્બર, ૨૦૧૨ સુધીના ૩ માસનું
રોકડ અંદાજપત્ર

| વિગત | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|
| શરૂની સિલક | ૬૦,૦૦૦ | ૫૬,૫૦૦ | ૬૮,૫૦૦ |
| રોકડ આવકો | | | |
| રોકડ વેચાણ | ૯૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| ઉઘરાણી | ૨,૮૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૪,૨૦,૦૦૦ |
| કુલ રોકડ આવકો (અ) | ૪,૩૦,૦૦૦ | ૪,૭૬,૫૦૦ | ૫,૫૮,૫૦૦ |
| રોકડ જાવકો | | | |
| લેણદારને ચૂકવણી | ૧,૬૦,૦૦૦ | ૧,૪૪,૦૦૦ | ૧,૭૬,૦૦૦ |
| રોકડ ખરીદી | ૪૪,૦૦૦ | ૬૪,૦૦૦ | ૩૨,૦૦૦ |
| મજૂરી | ૮૪,૦૦૦ | ૯૮,૦૦૦ | ૯૨,૦૦૦ |
| પરોક્ષ ખર્ચા | ૮૨,૫૦૦ | ૯૭,૫૦૦ | ૭૭,૫૦૦ |
| વેચાણ કમિશન | ૩,૦૦૦ | ૪,૫૦૦ | ૬,૦૦૦ |
| ડિવિડન્ડ | - | - | ૮૦,૦૦૦ |
| રોકડ જાવકો (બ) | ૩,૭૩,૫૦૦ | ૪,૦૮,૦૦૦ | ૪,૬૩,૫૦૦ |
| અંદાજીત સિલક (અ - બ) | ૫૬,૫૦૦ | ૬૮,૫૦૦ | ૯૫,૦૦૦ |

| | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|
| વેચાણ | ૪,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૩,૫૦,૦૦૦ |
| કુલ વેચાણ ૨૦% | ૮૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| ઉધાર વેચાણ ૮૦% | ૩,૨૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ | ૪,૮૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |

| | | | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|
| | | | ૧,૬૦,૦૦૦ | | |
| | | | ૧,૨૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | |
| | | | | ૧,૮૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| ઉઘરાણી | | | | | ૨,૪૦,૦૦૦ |
| | | | ૨,૮૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૪,૨૦,૦૦૦ |

**ખરીદી**

| | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૨,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| - રોકડ ખરીદી | ૪૦,૦૦૦ | ૩૬,૦૦૦ | ૪૪,૦૦૦ | ૬૪,૦૦૦ | ૩૨,૦૦૦ |
| ઉધાર ખરીદી | ૧,૬૦,૦૦૦ | ૧,૪૪,૦૦૦ | ૧,૭૬,૦૦૦ | ૨,૫૬,૦૦૦ | ૧,૨૮,૦૦૦ |

**મજૂરી**

| | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|
| કુલ | ૭૨,૦૦૦ | ૯૬,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૮૪,૦૦૦ |
| વિભાજન | × / ૩૬,૦૦૦ | ૪૮,૦૦૦ / ૪૮,૦૦૦ | ૫૦,૦૦૦ / ૫૦,૦૦૦ | ૪૨,૦૦૦ / × |

ઓક્ટોબર: ૮૪,૦૦૦   નવેમ્બર: ૯૮,૦૦૦   ડિસેમ્બર: ૯૨,૦૦૦

| પરોક્ષ ખર્ચ | સપ્ટેમ્બર | | ઓક્ટોબર | | નવેમ્બર | | ડિસેમ્બર | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬૦,૦૦૦ | | ૯૦,૦૦૦ | | ૧,૦૦,૦૦૦ | | ૭૦,૦૦૦ | |
| | × | ૧૫,૦૦૦ | ૬૭,૫૦૦ | ૨૨,૫૦૦ | ૭૫,૦૦૦ | ૨૫,૦૦૦ | ૫૨,૫૦૦ | × |
| | | ૮૨,૫૦૦ | | ૯૭,૫૦૦ | | ૭૭,૫૦૦ | | |

૫. જય યોગેશ્વર કંપની લિ. ની નીચે આપેલી વિગતો પરથી ૩૦ મી જૂન, ૨૦૧૨ ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો. ૧ લી એપ્રિલ, ૨૦૧૨ ના રોજ બેન્ક ખાતાની જમા બાકી રૂ. ૧,૦૦,૦૦૦

વેચાણ કિંમત સાથે વસ્તુની પડતર નીચે મુજબ ટકાવારી દર્શાવે છે :

| | |
|---|---|
| માલસામગ્રી | ૪૦% |
| મજૂરી | ૩૦% |
| કારખાના પરોક્ષ ખર્ચા | ૧૦% |

ઉત્પાદન અને તૈયાર માલનો સ્ટૉક નીચે મુજબ છે.

| માસ | ઉત્પાદન (એકમોમાં) | તૈયાર માલનો આખર સ્ટૉક (એકમોમાં) |
|---|---|---|
| જાન્યુઆરી | ૧૦,૦૦૦ | ૧,૦૦૦ |
| ફેબ્રુઆરી | ૧૧,૦૦૦ | ૨,૦૦૦ |
| માર્ચ | ૧૨,૦૦૦ | ૩,૦૦૦ |
| એપ્રિલ | ૧૩,૦૦૦ | ૨,૦૦૦ |
| મે | ૧૨,૦૦૦ | ૧,૦૦૦ |
| જૂન | ૧૧,૦૦૦ | ૨,૦૦૦ |
| જુલાઈ | ૧૦,૦૦૦ | ૩,૦૦૦ |

વધારાની માહિતી :

(૧) એકમદીઠ વેચાણ પડતર રૂ. ૧૦૦ છે. કંપનીનો વેચાણ કિંમત પર ૫૦% નફો છે.

(૨) કુલ વેચાણના ૨૫% રોકડ વેચાણ છે, જેના પર ૧૦% રોકડ વટાવ આપવામાં આવે છે. ઉધાર વેચાણના ૭૫% વેચાણ પછીના મહિનામાં અને બાકીના ત્યાર પછીના બીજા મહિનામાં વસૂલ થાય છે.

(૩) દરેક મહિનાના અંદાજી વેચાણ માટે જરૂરી માલસામગ્રીની ખરીદી તેના અગાઉના મહિને કરવામાં આવે છે. ૫૦% રોકડેથી ખરીદી થાય છે અને બાકીની ખરીદીનાં નાણાં ખરીદી પછી બે સરખા માસિક હપ્તામાં ચૂકવાય છે.

(૪) સમયગાળો : મજૂરી ૧/૨ માસ અને કારખાના પરોખ ખર્ચ ૧/૪ માસ.

(૫) કંપની પાસે ૧૦% ની રૂ. ૫,૦૦,૦૦૦ ની સરકારી જામીનગીરી છે. વ્યાજ ૩૦ મી એપ્રિલ અને ૩૧ મી ઓક્ટોબરના રોજ મળે છે.

(૬) એપ્રિલ મહિનામાં રૂ. ૧,૦૦,૦૦૦ નું યંત્ર ખરીદવામાં આવશે, જે પેટે પ્રારંભિક રૂ. ૨૦,૦૦૦ ચૂકવવાના છે. બાકીના વાર્ષિક ૧૨% લેખે વ્યાજ સહિત ત્રિમાસિક હપ્તા દ્વારા ચૂકવાય છે.

(૭) કંપનીએ સ્ટાર કમ્પ્યૂટર લિ. ના ૫,૦૦૦ ઈક્વિટી શેર, જેની મૂળ કિંમત શેરદીઠ રૂ. ૧૦ છે તેવા શેર, શેરદીઠ રૂ. ૧૦૦ ના ભાવે ૨૦૧૦ માં ખરીદેલા છે. હાલ આ શેરનો ભાવ રૂ. ૨૦૦ છે. સ્ટાર કમ્પ્યૂટરે ૫૦% લેખે ડિવિડન્ડ ચૂકવ્યું. જે જૂન માસમાં મળવાનું છે.

(૮) ગયા વર્ષના ઈન્કમટેક્ષ રિફંડનો ચેક રૂ. ૨૫,૦૦૦ નો એપ્રિલમાં મળશે. જે ૧૦ મી મે ના રોજ બેન્કમાં ભરવામાં આવશે.

(૯) માર્ચમાં કંપનીએ રૂ. ૧૦ નો એક એવા ૧૦,૦૦૦ ઈક્વિટી શેર ૨૦% ના પ્રીમિયમે બહાર પાડેલા હતા, જેનાં નાણાં પછીના માસમાં ભરપાઈ થશે.

*(ઉ. ગુ. યુનિ., ટી.વાય., એપ્રિલ, ૨૦૧૩)*

( Ans. છે. બાકી
April = 232500
May = 815000
June = 1552500

**જવાબ :**

| વેચાણ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ |
|---|---|---|---|---|---|---|---|
| ઉત્પાદનના એકમો | ૧૦,૦૦૦ | ૧૧,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૩,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૧,૦૦૦ | ૧૦,૦૦૦ |
| + શરૂનો સ્ટોક | - | ૧,૦૦૦ | ૨,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | ૧,૦૦૦ | ૨,૦૦૦ |
| | ૧૦,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૪,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧૪,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૨,૦૦૦ |
| - છેવટનો સ્ટોક | ૧,૦૦૦ | ૨,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | ૧,૦૦૦ | ૨,૦૦૦ | ૩,૦૦૦ |
| વેચેલ એકમ | ૯,૦૦૦ | ૧૦,૦૦૦ | ૧૧,૦૦૦ | ૧૪,૦૦૦ | ૧૩,૦૦૦ | ૧૦,૦૦૦ | ૯,૦૦૦ |
| × વેચાણ કિંમત | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૦ |
| વેચાણ | ૧૮,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ | ૨૨,૦૦,૦૦૦ | ૨૮,૦૦,૦૦૦ | ૨૬,૦૦,૦૦૦ | ૨૦,૦૦,૦૦૦ | ૧૮,૦૦,૦૦૦ |
| - રોકડ વેચાણ (૨૫%) | ૪,૫૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૫,૫૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૬,૫૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૧૩,૫૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | ૧૬,૫૦,૦૦૦ | ૨૧,૦૦,૦૦૦ | ૧૯,૫૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ | ૧૩,૫૦,૦૦૦ |
| | | | ૧૧,૨૫,૦૦૦ | ૩,૭૫,૦૦૦ | | | |
| | | | | ૧૨,૩૭,૫૦૦ | ૪,૧૨,૫૦૦ | | |
| | | | | | ૧૫,૭૫,૦૦૦ | ૫,૨૫,૦૦૦ | |
| | | | | | | ૧૪,૬૨,૫૦૦ | ૪,૮૭,૫૦૦ |
| ઉઘરાણી | | | | ૧૬,૧૨,૫૦૦ | ૧૯,૮૭,૫૦૦ | ૧૯,૮૭,૫૦૦ | |

| | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| રોકડ વેચાણ | ૭,૦૦,૦૦૦ | ૬,૫૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| - રોકડ વટાવ (૧૦%) | ૭૦,૦૦૦ | ૬૫,૦૦૦ | ૫૦,૦૦૦ |
| | ૬,૩૦,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | ૪,૫૦,૦૦૦ |

| માસ | વેચાણ | માલસામાન (વેચાણના ૪૦%) | મજૂરી (વેચાણના ૩૦%) | કા. પરોક્ષ ખર્ચા (વેચાણના ૧૦%) |
|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૧૮,૦૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| ફેબ્રુઆરી | ૨૦,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| માર્ચ | ૨૨,૦૦,૦૦૦ | ૮,૮૦,૦૦૦ | ૬,૬૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ |
| એપ્રિલ | ૨૮,૦૦,૦૦૦ | ૧૧,૨૦,૦૦૦ | ૮,૪૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |
| મે | ૨૬,૦૦,૦૦૦ | ૧૦,૪૦,૦૦૦ | ૭,૮૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ |
| જૂન | ૨૦,૦૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| જુલાઈ | ૧૮,૦૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |

| ખરીદી | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૮,૦૦,૦૦૦ | ૮,૮૦,૦૦૦ | ૧૧,૨૦,૦૦૦ | ૧૦,૪૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ |
| - રોકડ ખરીદી (૫૦%) | ૪,૦૦,૦૦૦ | ૪,૪૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| ઉધાર ખરીદી | ૪,૦૦,૦૦૦ | ૪,૪૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| | | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | | | |
| | | | ૨,૨૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | | |
| | | | | ૨,૮૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | |
| | | | | | ૨,૬૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ |
| | | | | | | ૨,૦૦,૦૦૦ |
| લેણદારોને ચૂકવણી | | | | ૫,૦૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ |

મજૂરી

| | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|
| કુલ | ૬,૬૦,૦૦૦ | ૮,૪૦,૦૦૦ | ૭,૮૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| વિભાજન | × ૩,૩૦,૦૦૦ | ૪,૨૦,૦૦૦ ૪,૨૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ ૩,૯૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ × |

૭,૫૦,૦૦૦ ૮,૧૦,૦૦૦ ૬,૯૦,૦૦૦

કારખાના ખર્ચ

| | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|
| કુલ | ૨,૨૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| વિભાજન | × ૫૫,૦૦૦ | ૨,૧૦,૦૦૦ ૭૦,૦૦૦ | ૧,૯૫,૦૦૦ ૬૫,૦૦૦ | ૧,૫૦,૦૦૦ × |

૨,૬૫,૦૦૦ ૨,૬૫,૦૦૦ ૨,૧૫,૦૦૦

**એપ્રિલથી જૂન, ૨૦૧૨ સુધીના ૩ માસનું**
**રોકડ અંદાજપત્ર**

| વિગત | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| શરૂની રોકડ સિલક | - | ૨,૩૨,૫૦૦ | ૮,૧૫,૦૦૦ |
| રોકડ આવકો | | | |
| રોકડ વેચાણ | ૬,૩૦,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | ૪,૫૦,૦૦૦ |
| ઉઘરાણી | ૧૬,૧૨,૫૦૦ | ૧૯,૮૭,૫૦૦ | ૧૯,૮૭,૫૦૦ |
| ડિવિડન્ડ | - | - | ૨૫,૦૦૦ |
| સરકારી જામીનગીરી પર વ્યાજ | ૨૫,૦૦૦ | - | - |
| ઈક્વિટી શેર પ્રિમિયમ | ૨૦,૦૦૦ | - | - |
| ઈન્કમટેક્ષ રીફંડ | - | ૨૫,૦૦૦ | - |
| કુલ આવકો (અ) | ૨૨,૮૭,૫૦૦ | ૨૮,૩૦,૦૦૦ | ૩૨,૭૭,૫૦૦ |
| રોકડ જાવકો | | | |
| રોકડ ખરીદી | ૫,૨૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| ઉધાર ખરીદી ચુકવણી | ૫,૦૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ |
| મજૂરી | ૭,૫૦,૦૦૦ | ૮,૧૦,૦૦૦ | ૬,૯૦,૦૦૦ |
| કારખાના ખર્ચ | ૨,૬૫,૦૦૦ | ૨,૬૫,૦૦૦ | ૨,૧૫,૦૦૦ |
| યંત્ર ખરીદી | ૨૦,૦૦૦ | - | - |
| કુલ જાવકો (બ) | ૨૦,૫૫,૦૦૦ | ૨૦,૧૫,૦૦૦ | ૧૭,૨૫,૦૦૦ |
| છેવટની સિલક (અ - બ) | ૨,૩૨,૫૦૦ | ૮,૧૫,૦૦૦ | ૧૫,૫૨,૫૦૦ |

૬. નીચેની માહિતી પરથી કૃતિ લિ. નું એપ્રિલ, મે અને જૂન, ૨૦૧૨ ના મહિનાઓ માટે રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| માસ | વેચાણ (રૂ.) | ખરીદી (રૂ.) | મજૂરી (રૂ.) | અન્ય ખર્ચા (રૂ.) |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | ૩,૫૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૩૨,૦૦૦ |
| માર્ચ | ૪,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૩૫,૦૦૦ | ૨૪,૦૦૦ |
| એપ્રિલ | ૨,૫૦,૦૦૦ | ૩,૨૫,૦૦૦ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ |
| મે | ૩,૨૫,૦૦૦ | ૩,૫૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૩૬,૦૦૦ |
| જૂન | ૨,૭૫,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૬,૦૦૦ |

અન્ય માહિતી : (૧) ખરીદી અને વેચાણના ૮૦% ઉધાર થાય છે.

(૨) રોકડ ખરીદી અને રોકડ વેચાણ પર રોકડ વટાવનો દર ૫% છે.
(૩) ઉધાર વેચાણની રકમ વેચાણ પછીના બે મહિનામાં સરખે હિસ્સે વસૂલ થાય છે.
(૪) ઉધાર ખરીદીની રકમ પછીના મહિનામાં ચૂકવવામાં આવે છે.
(૫) મજૂરીના ૬૦% એ જ મહિનામાં ચૂકવવામાં આવે છે અને બાકીની રકમ પછીના મહિનામાં ચૂકવાય છે.
(૬) અન્ય ખર્ચા ચૂકવવાનો સમયગાળો ૧/૪ માસ છે.
(૭) તા. ૧-૪-૨૦૧૨ ના રોજ રૂ. ૨,૦૦,૦૦૦ ના ૧૦% ના ડિબેન્ચર બહાર પાડવાના છે અને ડિબેન્ચર પર પ્રથમ ત્રિમાસિક વ્યાજ ૩૦ મી જૂન, ૨૦૧૨ ના રોજ ચૂકવવાપાત્ર થશે.
(૮) તા. ૧-૪-૨૦૧૨ ના રોજ રોકડ અને બેન્ક સિલક રૂ. ૧૫,૦૦૦. (ગુ. યુનિ., ટી.વાય., માર્ચ, ૨૦૧૩)

(Ans: છે. બાકી - April = 210750, May = 140,000, June = 59750)

જવાબ :

| વેચાણ | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| કુલ વેચાણ | ૩,૫૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૩,૨૫,૦૦૦ | ૨,૭૫,૦૦૦ |
| - ઉધાર વેચાણ | ૨,૮૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ |
| રોકડ વેચાણ | ૭૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૬૫,૦૦૦ | ૫૫,૦૦૦ |
| - રોકડ વટાવ (૫%) | ૩,૫૦૦ | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૭૫૦ |
| | ૬૬,૫૦૦ | ૭૬,૦૦૦ | ૪૭,૫૦૦ | ૬૧,૭૫૦ | ૫૨,૨૫૦ |

| ખરીદી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૨,૫૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૩,૨૫,૦૦૦ | ૩,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| - ઉધાર ખરીદી | ૨,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| રોકડ ખરીદી | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૬૫,૦૦૦ | ૭૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| - રોકડ વટાવ (૫%) | ૨,૫૦૦ | ૩,૦૦૦ | ૩,૨૫૦ | ૩,૫૦૦ | ૧,૫૦૦ |
| | ૪૭,૫૦૦ | ૫૭,૦૦૦ | ૬૧,૭૫૦ | ૬૬,૫૦૦ | ૨૮,૫૦૦ |

| મજૂરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| | ૩૦,૦૦૦ | ૩૫,૦૦૦ | ૨૫,૦૦૦ | ૪૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | ૧૮,૦૦૦ | ૧૨,૦૦૦ | | | |
| | | ૨૧,૦૦૦ | ૧૪,૦૦૦ | | |
| | | | ૧૫,૦૦૦ | ૧૦,૦૦૦ | |
| | | | | ૨૪,૦૦૦ | ૧૬,૦૦૦ |
| | | | | | ૧૨,૦૦૦ |
| | ૧૮,૦૦૦ | ૩૩,૦૦૦ | ૨૯,૦૦૦ | ૩૪,૦૦૦ | ૨૮,૦૦૦ |

| ઉધાર વેચાણ | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| | ૨,૮૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ |
| | | ૧,૪૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | | |
| | | | ૧,૬૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | |
| | | | | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| | | | | | ૧,૩૦,૦૦૦ |
| ઉઘરાણી | | | ૩,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ |

અન્ય ખર્ચા

| ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|
| ૩૨,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૦,૦૦૦ | ૩૬,૦૦૦ | ૧૬,૦૦૦ |
| × ૮,૦૦૦ | ૧૮,૦૦૦ ૬,૦૦૦ | ૧૫,૦૦૦ ૫,૦૦૦ | ૨૭,૦૦૦ ૯,૦૦૦ | ૧૨,૦૦૦ × |

૨૬,૦૦૦ ૨૧,૦૦૦ ૩૨,૦૦૦ ૨૧,૦૦૦

## એપ્રિલથી જૂન, ૨૦૧૨ સુધીના ૩ માસનું રોકડ અંદાજપત્ર

| વિગત | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| શરૂની સિલક | ૧૫,૦૦૦ | ૨,૧૦,૭૫૦ | ૧,૪૦,૦૦૦ |
| <u>રોકડ આવકો</u> | | | |
| રોકડ વેચાણ | ૪૭,૫૦૦ | ૬૧,૭૫૦ | ૫૨,૨૫૦ |
| ઉઘરાણી | ૩,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ |
| ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ | - | - |
| કુલ આવકો (અ) | ૫,૬૨,૫૦૦ | ૫,૩૨,૫૦૦ | ૪,૨૨,૨૫૦ |
| <u>રોકડ જાવકો</u> | | | |
| રોકડ ખરીદી | ૬૧,૭૫૦ | ૬૬,૫૦૦ | ૨૮,૫૦૦ |
| લેણદાર / ઉધાર ખરીદી | ૨,૪૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |
| મજૂરી | ૨૯,૦૦૦ | ૩૪,૦૦૦ | ૨૮,૦૦૦ |
| અન્ય ખર્ચા | ૨૧,૦૦૦ | ૩૨,૦૦૦ | ૨૧,૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ | - | - | ૫,૦૦૦ |
| કુલ જાવકો (બ) | ૩,૫૧,૭૫૦ | ૩,૯૨,૫૦૦ | ૩,૬૨,૫૦૦ |
| છેવટની સિલક (અ - બ) | ૨,૧૦,૭૫૦ | ૧,૪૦,૦૦૦ | ૫૯,૭૫૦ |

૭. મીના કંપની લિમિટેડનું તા. ૩૧-૧૨-૨૦૧૧ ના રોજ પૂરા થતા ચાર માસ માટેનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| વિગત | કુલ વેચાણ(રૂ.) | ઉત્પાદન ખર્ચા (રૂ.) | વહીવટી ખર્ચ (રૂ.) | વેચાણ ખર્ચ (રૂ.) |
|---|---|---|---|---|
| જૂન | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦૦ | ૧૮,૦૦૦ | ૨૦,૦૦૦ |
| જૂલાઈ | ૬,૦૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧૬,૦૦૦ | ૨૨,૦૦૦ |
| ઓગષ્ટ | ૭,૦૦,૦૦૦ | ૨૮,૦૦૦ | ૧૬,૦૦૦ | ૨૩,૦૦૦ |
| સપ્ટેમ્બર | ૬,૫૦,૦૦૦ | ૩૨,૦૦૦ | ૧૮,૦૦૦ | ૨૪,૦૦૦ |
| ઓક્ટોબર | ૬,૨૦,૦૦૦ | ૩૬,૦૦૦ | ૧૪,૦૦૦ | ૨૬,૦૦૦ |
| નવેમ્બર | ૫,૬૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૮,૦૦૦ |
| ડિસેમ્બર | ૮,૦૦,૦૦૦ | ૩૫,૦૦૦ | ૨૧,૦૦૦ | ૨૫,૦૦૦ |

અન્ય વિગતો નીચે મુજબ છે :

(૧) કુલ વેચાણના ૨૦% રોકડ વેચાણ છે. ઉધાર વેચાણનાં ૫૦% નાણાં વેચાણ પછીના મહિને, ૨૫% ત્યારબાદ બીજા મહિને અને ૨૫% ત્રીજે મહિને મળે છે.

(૨) વેચાણ પડતર વેચાણના ૭૦% છે. દરેક માસના અંદાજિત વેચાણ માટે જરૂરી માલસામગ્રીની ખરીદી તેના આગલા મહિને કરવામાં આવે છે. ખરીદીનાં નાણાં ખરીદી પછીના મહિને ચૂકવાય છે.

(૩) ઉત્પાદન ખર્ચ ચૂકવવાનો ગાળો એક માસનો છે. વહીવટી ખર્ચાનો ગાળો ૧/૨ માસ અને વેચાણ ખર્ચનો ગાળો ૧/૪ માસ.

(૪) રૂ. ૨,૦૦,૦૦૦ ના ૮% ના ડિબેન્ચર પર ત્રિમાસિક વ્યાજ સપ્ટેમ્બરના અંતે અને ડિસેમ્બરના અંતે ચૂકવવાનું થશે.

(૫) કંપનીએ 'એક્સચેન્જ ઓફર'માં જૂના કમ્પ્યૂટરોના સ્થાને નવાં કમ્પ્યૂટરો વસાવવામાં આવ્યા અને તફાવતની રકમ રૂ.

૫૫,૦૦૦ નવેમ્બર, ૨૦૧૧ માં ચૂકવવાની થશે.

(૬) વેચાણવેરાના રૂ. ૧૫,૦૦૦ ઓક્ટોબર, ૨૦૧૧ માં ચૂકવવાના થશે.

(૭) એડવાન્સ ઈન્કમટેક્ષ રૂ. ૩૨,૦૦૦ ડિસેમ્બર, ૨૦૧૧ માં ચૂકવવાનો થશે.

(૮) ગયા વર્ષના આવકવેરાનું રિફંડ ઓર્ડર રૂ. ૧૨,૮૦૦ ઓક્ટોબર, ૨૦૧૧ માં મળશે.

(૯) તા. ૧-૯-૨૦૧૧ ના રોજ રોકડ સિલક રૂ. ૭૫,૦૦૦

(દ. ગુ. યુનિ., ટી.વાય., માર્ચ, ૨૦૧૨)

(Ans: [illegible] S = 177250, O = 311550, Nov. = 416550, Dec = 374800)

જવાબ :

| | જૂન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|---|
| વેચાણ | ૫,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૬,૫૦,૦૦૦ | ૬,૨૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |
| - ૨૦% રોકડ વેચાણ | ૧,૦૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | ૧,૨૪,૦૦૦ | ૧,૧૨,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૪,૦૦,૦૦૦ | ૪,૮૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૪,૯૬,૦૦૦ | ૪,૪૮,૦૦૦ | ૬,૪૦,૦૦૦ |
| | | | | ૧,૦૦,૦૦૦ | | | |
| | | | | ૧,૨૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | | |
| | | | | ૨,૮૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | |
| | | | | | ૨,૬૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ |
| | | | | | | ૨,૪૮,૦૦૦ | ૧,૨૪,૦૦૦ |
| | | | | | | | ૨,૨૪,૦૦૦ |
| ઉઘરાણી | | | | ૫,૦૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૫,૧૮,૦૦૦ | ૪,૭૮,૦૦૦ |

**ખરીદી**

| વેચાણના ૭૦% | જૂન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૩,૫૦,૦૦૦ | ૪,૨૦,૦૦૦ | ૪,૯૦,૦૦૦ | ૪,૫૫,૦૦૦ | ૪,૩૪,૦૦૦ | ૩,૯૨,૦૦૦ | ૫,૬૦,૦૦૦ |

સપ્ટેમ્બરથી ડિસેમ્બર, ૨૦૧૧ સુધીના ૪ માસનું

રોકડ અંદાજપત્ર

| વિગત | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|---|---|
| શરૂની સિલક | ૭૫,૦૦૦ | ૧,૭૭,૨૫૦ | ૩,૧૧,૫૫૦ | ૪,૧૬,૫૫૦ |
| **રોકડ આવકો** | | | | |
| રોકડ વેચાણ | ૧,૩૦,૦૦૦ | ૧,૨૪,૦૦૦ | ૧,૧૨,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| ઉઘરાણી | ૫,૦૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૫,૧૮,૦૦૦ | ૪,૭૮,૦૦૦ |
| આવકવેરા રિફંડ | - | ૧૨,૮૦૦ | - | - |
| કુલ આવકો (અ) | ૭,૦૫,૦૦૦ | ૮,૩૪,૦૫૦ | ૯,૪૧,૫૫૦ | ૧૦,૫૪,૫૫૦ |
| **રોકડ જાવકો** | | | | |
| લેણદાર ચૂકવણી | ૪,૫૫,૦૦૦ | ૪,૩૪,૦૦૦ | ૩,૯૨,૦૦૦ | ૫,૬૦,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | ૨૮,૦૦૦ | ૩૨,૦૦૦ | ૩૬,૦૦૦ | ૪૦,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૧૭,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧૪,૫૦૦ | ૧૮,૦૦૦ |
| વેચાણ ખર્ચા | ૨૩,૭૫૦ | ૨૫,૫૦૦ | ૨૭,૫૦૦ | ૨૫,૭૫૦ |
| ડિબેન્ચર વ્યાજ | ૪,૦૦૦ | - | - | ૪,૦૦૦ |
| કમ્પ્યૂટર | - | - | ૫૫,૦૦૦ | - |
| વેચાણવેરો | - | ૧૫,૦૦૦ | - | - |
| ઈન્કમ ટેક્ષ | - | - | - | ૩૨,૦૦૦ |
| કુલ જાવકો (બ) | ૫,૨૭,૭૫૦ | ૫,૨૨,૫૦૦ | ૫,૨૫,૦૦૦ | ૬,૭૯,૭૫૦ |
| અંદાજીત સિલક (અ - બ) | ૧,૭૭,૨૫૦ | ૩,૧૧,૫૫૦ | ૪,૧૬,૫૫૦ | ૩,૭૪,૮૦૦ |

8. નીચેની માહિતી પરથી વેદાન્ત લિ. નું એપ્રિલ, મે અને જૂન, ૨૦૧૧ ના મહિનાઓ માટે રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| વિગત | વેચાણ રૂ. | ખરીદી રૂ. | મજૂરી રૂ. | શિરોપરી ખર્ચા રૂ. |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી | ૨,૪૦,૦૦૦ | ૧,૬૮,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૯,૦૦૦ |
| માર્ચ | ૨,૮૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૩,૦૦૦ |
| એપ્રિલ | ૧,૬૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૧૬,૦૦૦ | ૧૭,૦૦૦ |
| મે | ૨,૧૬,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૨૮,૦૦૦ | ૨૯,૦૦૦ |
| જૂન | ૧,૮૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૮,૦૦૦ |

અન્ય માહિતી :

(૧) તા. ૧-૪-૨૦૧૧ ના રોજ રોકડ અને બેન્ક સિલક રૂ. ૨૦,૦૦૦

(૨) ખરીદી અને વેચાણના ૭૫% ઉધાર થાય છે.

(૩) રોકડ ખરીદી અને રોકડ વેચાણ પર રોકડ વટાવનો દર ૫% છે.

(૪) ઉધાર વેચાણના ૬૦% વેચાણ પછીના મહિનામાં અને બાકીના ૪૦% વેચાણ પછીના બીજા મહિનામાં વસૂલ થાય છે.

(૫) સમયગાળો : ઉધાર ખરીદી ૧/૨ માસ, મજૂરી ૧/૪ માસ, શિરોપરી ખર્ચા ૧ માસ

(૬) કાયમી મિલકતોના ઘસારાના માસિક રૂ. ૫,૦૦૦ લેખેનો સમાવેશ શિરોપરી ખર્ચમાં થયેલ છે.

(૭) ૮% ના રૂ. ૪,૦૦,૦૦૦ ના ડિબેન્ચર પર ત્રિમાસિક વ્યાજ એપ્રિલ, ૨૦૧૧ માં ચૂકવવાનું છે.

(૮) રૂ. ૨,૦૦,૦૦૦ નાં રોકાણો પર વાર્ષિક ૧૦% લેખે અર્ધવાર્ષિક વ્યાજ જૂન, ૨૦૧૧ માં મળવાપાત્ર છે.

(Ans: બે.બાકી: April = 2250, May = -20200, June = -33750) (ગુ. યુનિ., ટી.વાય., એપ્રિલ, ૨૦૧૨)

જવાબ :

| ખરીદી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૧,૬૮,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| - રોકડ ખરીદી (૨૫%) | ૪૨,૦૦૦ | ૫૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૪૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ઉધાર ખરીદી | ૧,૨૬,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૧,૬૫,૦૦૦ | ૧,૩૫,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |

× ૭૫,૦૦૦ ૮૨,૫૦૦ ૮૨,૫૦૦ ૬૭,૫૦૦ ૬૭,૫૦૦ ૬૦,૦૦૦ ×

૧,૫૭,૫૦૦ ૧,૫૦,૦૦૦ ૧,૨૭,૫૦૦

| | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| રોકડ ખરીદી | ૫૫,૦૦૦ | ૪૫,૦૦૦ | ૪૦,૦૦૦ |
| - વટાવ (૫%) | ૨,૭૫૦ | ૨,૨૫૦ | ૨,૦૦૦ |
| | ૫૨,૨૫૦ | ૪૨,૭૫૦ | ૩૮,૦૦૦ |

| વેચાણ | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| કુલ વેચાણ | ૨,૪૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ૨,૧૬,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| - રોકડ વેચાણ (૨૫%) | ૬૦,૦૦૦ | ૭૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૫૪,૦૦૦ | ૪૫,૦૦૦ |
| ઉધાર વેચાણ | ૧,૮૦,૦૦૦ | ૨,૧૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૧,૬૨,૦૦૦ | ૧,૩૫,૦૦૦ |
| | | ૧,૦૮,૦૦૦ | ૭૨,૦૦૦ | | |
| | | | ૧,૨૬,૦૦૦ | ૮૪,૦૦૦ | |
| | | | | ૭૨,૦૦૦ | ૪૮,૦૦૦ |
| | | | | | ૯૭,૨૦૦ |
| ઉઘરાણી | | | ૧,૯૮,૦૦૦ | ૧,૫૬,૦૦૦ | ૧,૪૫,૨૦૦ |
| રોકડ વેચાણ | | | ૪૦,૦૦૦ | ૫૪,૦૦૦ | ૪૫,૦૦૦ |
| - રોકડ વટાવ (૫%) | | | ૨,૦૦૦ | ૨,૭૦૦ | ૨,૨૫૦ |
| | | | ૩૮,૦૦૦ | ૫૧,૩૦૦ | ૪૨,૭૫૦ |

| મજૂરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|
| | ૨૦,૦૦૦ | ૨૪,૦૦૦ | ૧૬,૦૦૦ | ૨૮,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | | × ૬,૦૦૦ | ૧૨,૦૦૦ ૪,૦૦૦ | ૨૧,૦૦૦ ૭,૦૦૦ | ૧૫,૦૦૦ × |
| | | | ૧૮,૦૦૦ | ૨૫,૦૦૦ | ૨૨,૦૦૦ |

**એપ્રિલથી જૂન, ૨૦૧૧ સુધીના ૩ માસનું**
**રોકડ અંદાજપત્ર**

| વિગત | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|
| શરૂની સિલક | ૨૦,૦૦૦ | ૨,૨૫૦ | -૨૦,૨૦૦ |
| <u>રોકડ આવકો</u> | | | |
| રોકડ વેચાણ | ૩૮,૦૦૦ | ૫૧,૩૦૦ | ૪૨,૭૫૦ |
| ઉઘરાણી | ૧,૯૮,૦૦૦ | ૧,૫૬,૦૦૦ | ૧,૪૫,૨૦૦ |
| રોકાણ વ્યાજ | - | - | ૧૦,૦૦૦ |
| કુલ આવકો (અ) | ૨,૫૬,૦૦૦ | ૨,૦૯,૫૫૦ | ૧,૭૭,૭૫૦ |
| <u>રોકડ જાવકો</u> | | | |
| રોકડ ખરીદી | ૫૨,૨૫૦ | ૪૨,૭૫૦ | ૩૮,૦૦૦ |
| ઉધાર ખરીદી | ૧,૫૭,૫૦૦ | ૧,૫૦,૦૦૦ | ૧,૨૭,૫૦૦ |
| મજૂરી | ૧૮,૦૦૦ | ૨૫,૦૦૦ | ૨૨,૦૦૦ |
| શિરોપરી ખર્ચા | ૧૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૨૪,૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ | ૮,૦૦૦ | - | - |
| કુલ જાવકો (બ) | ૨,૫૩,૭૫૦ | ૨,૨૯,૭૫૦ | ૨,૧૧,૫૦૦ |
| છેવટની સિલક (અ - બ) | ૨,૨૫૦ | -૨૦,૨૦૦ | -૩૩,૭૫૦ |

૯. આર્ષ લિ. ની નીચેની વિગતોના આધારે તા. ૨૯-૦૨-૨૦૧૨ ના રોજ પૂરા થતા ત્રણ માસનું રોકડ અંદાજપત્ર તૈયાર કરો :

| વિગત | કુલ વેચાણ | કુલ ખરીદી | ઉત્પાદન ખર્ચ | વહીવટી ખર્ચ | વેચાણ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ઓક્ટોબર, ૨૦૧૧ | ૭,૦૦,૦૦૦ | ૪,૪૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૨૮,૦૦૦ |
| નવેમ્બર, ૨૦૧૧ | ૯,૬૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૪૪,૦૦૦ |
| ડિસેમ્બર, ૨૦૧૧ | ૮,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૧,૧૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| જાન્યુઆરી, ૨૦૧૨ | ૭,૨૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | ૪૮,૦૦૦ | ૩૨,૦૦૦ |
| ફેબ્રુઆરી, ૨૦૧૨ | ૧૦,૦૦,૦૦૦ | ૬,૪૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | ૪૮,૦૦૦ | ૪૮,૦૦૦ |

(૧) કુલ વેચાણના ૨૫% રોકડ વેચાણ છે, જેના પર ૧૦% રોકડ વટાવ આપવામાં આવે છે. ઉધાર વેચાણનાં નાણાં બીજા મહિને મળે છે.

(૨) કુલ ખરીદીના ૪૦% ખરીદી રોકડમાં થાય છે, જેના પર ૫% વટાવ મળે છે. બાકીના ઉધાર ખરીદીના નાણાં ત્રીજા મહિને (ઑક્ટોબરના ડિસેમ્બરમાં એ રીતે) ચૂકવાય છે.

(૩) ઉત્પાદન ખર્ચ ચૂકવવાનો ગાળો ૧/૨ માસ છે. વહીવટી ખર્ચ ચૂકવવાનો ગાળો ૧/૪ માસ છે. વેચાણ ખર્ચ એક માસ પછી ચૂકવાય છે.

(૪) કંપનીએ અમિત કમ્પ્યૂટર લિ. ના ૧૦,૦૦૦ ઈક્વિટી શેર, જેની દાર્શનિક કિંમત શેરદીઠ રૂ. ૧૦ છે, તેવા શેરદીઠ રૂ. ૨૫૦ ના ભાવે વર્ષ ૨૦૧૦ માં ખરીદેલા છે. હાલ આ શેરનો ભાવ રૂ. ૬૦૦ છે. અમિત કમ્પ્યૂટરે ૮૦% લેખે ડિવિડન્ડ ચૂકવ્યું જે ફેબ્રુઆરી, ૨૦૧૨ માં મળ્યું છે.

(૫) રૂ. ૫,૦૦,૦૦૦ ના ૧૦% ના ડિબેન્ચર પર ત્રિમાસિક વ્યાજ ડિસેમ્બર અને માર્ચમાં ચૂકવવાનું થશે.

(૬) એડવાન્સ ટેક્સનો હપતો રૂ. ૪૩,૫૦૦ ડિસેમ્બર, ૨૦૧૧ માં ભરવાનો છે.

(૭) ઈન્કમટેક્ષ રિફંડનો ચેક રૂ. ૨૫,૦૦૦ ડિસેમ્બર, ૨૦૧૧ માં મળ્યો. પણ તે ચેક તા. ૭મી જાન્યુઆરી, ૨૦૧૨ ના રોજ બેન્ક જમા કરાવ્યો અને બેન્કે આર્ષ લિ. ના ખાતામાં તા. ૧૭ મી જાન્યુઆરી, ૨૦૧૨ ના રોજ આ રકમ જમા કરી.

(૮) તા. ૩૦-૧૧-૧૧ ના રોજ રોકડ-બેન્ક સિલક રૂ. ૧,૭૫,૦૦૦ હોવાનો અંદાજ છે.

(Ans: છે.બાકી - Dec = 328000, Jan = 384200, Feb = 411000)

(સૌ. યુનિ., ટી.વાય., માર્ચ, ૨૦૧૨)

જવાબ :

ડિસેમ્બરથી ફેબ્રુઆરી, ૨૦૧૨ સુધીના ૩ માસનું
રોકડ અંદાજપત્ર

| વિગત | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી |
|---|---|---|---|
| શરૂની સિલક | ૧,૭૫,૦૦૦ | ૩,૨૮,૦૦૦ | ૩,૮૪,૨૦૦ |
| રોકડ આવકો | | | |
| રોકડ વેચાણ | ૧,૮૦,૦૦૦ | ૧,૬૨,૦૦૦ | ૨,૨૫,૦૦૦ |
| ઉઘરાણી | ૭,૨૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ |
| ઈન્કમટેક્ષ રિફંડ | - | ૨૫,૦૦૦ | - |
| ડિવિડન્ડ | - | - | ૮૦,૦૦૦ |
| કુલ આવક (અ) | ૧૦,૭૫,૦૦૦ | ૧૧,૧૫,૦૦૦ | ૧૨,૨૯,૨૦૦ |
| રોકડ જાવકો | | | |
| રોકડ ખરીદી | ૨,૨૮,૦૦૦ | ૨,૧૨,૮૦૦ | ૨,૪૩,૨૦૦ |
| ઉધાર ખરીદી | ૨,૬૪,૦૦૦ | ૩,૧૨,૦૦૦ | ૩,૬૦,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચા | ૧,૧૫,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૧,૩૫,૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૪૦,૦૦૦ | ૪૬,૦૦૦ | ૪૮,૦૦૦ |
| વેચાણ ખર્ચા | ૪૪,૦૦૦ | ૪૦,૦૦૦ | ૩૨,૦૦૦ |
| ડિબેન્ચર વ્યાજ | ૧૨,૫૦૦ | - | - |
| ટેક્ષ હપતો | ૪૩,૫૦૦ | - | - |
| કુલ જાવકો (બ) | ૭,૪૭,૦૦૦ | ૭,૩૦,૮૦૦ | ૮,૧૮,૨૦૦ |
| છેવટની સિલક (અ - બ) | ૩,૨૮,૦૦૦ | ૩,૮૪,૨૦૦ | ૪,૧૧,૦૦૦ |

| વેચાણ | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી |
|---|---|---|---|---|---|
| કુલ વેચાણ | ૭,૦૦,૦૦૦ | ૯,૬૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| - ઉધાર વેચાણ (૭૫%) | ૫,૨૫,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ |
| રોકડ વેચાણ (૨૫%) | ૧,૭૫,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૨,૫૦,૦૦૦ |
| - વટાવ (૧૦%) | ૧૭,૫૦૦ | ૨૪,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૮,૦૦૦ | ૨૫,૦૦૦ |
| | ૧,૫૭,૫૦૦ | ૨,૧૬,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૧,૬૨,૦૦૦ | ૨,૨૫,૦૦૦ |

| ખરીદી | ઓક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી |
|---|---|---|---|---|---|
| કુલ ખરીદી | ૪,૪૦,૦૦૦ | ૫,૨૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૫,૬૦,૦૦૦ | ૬,૪૦,૦૦૦ |
| - ઉધાર ખરીદી (૬૦%) | ૨,૬૪,૦૦૦ | ૩,૧૨,૦૦૦ | ૩,૬૦,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | ૩,૮૪,૦૦૦ |
| રોકડ ખરીદી | ૧,૭૬,૦૦૦ | ૨,૦૮,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૨,૨૪,૦૦૦ | ૨,૫૬,૦૦૦ |
| - વટાવ (૫%) | ૮,૮૦૦ | ૧૦,૪૦૦ | ૧૨,૦૦૦ | ૧૧,૨૦૦ | ૧૨,૮૦૦ |
| | ૧,૬૭,૨૦૦ | ૧,૯૭,૬૦૦ | ૨,૨૮,૦૦૦ | ૨,૧૨,૮૦૦ | ૨,૪૩,૨૦૦ |

| ઉત્પાદન ખર્ચ | ઓક્ટોબર | નવેમ્બર | | ડિસેમ્બર | | જાન્યુઆરી | | ફેબ્રુઆરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧,૫૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | | ૧,૧૦,૦૦૦ | | ૧,૩૦,૦૦૦ | | ૧,૪૦,૦૦૦ | |
| | | × | ૬૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૫૫,૦૦૦ | ૬૫,૦૦૦ | ૬૫,૦૦૦ | ૭૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| | | | ૧,૧૫,૦૦૦ | | ૧,૨૦,૦૦૦ | | ૧,૩૫,૦૦૦ | | |

| વહીવટી ખર્ચા | ઓક્ટોબર | નવેમ્બર | | ડિસેમ્બર | | જાન્યુઆરી | | ફેબ્રુઆરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ | | ૪૦,૦૦૦ | | ૪૮,૦૦૦ | | ૪૮,૦૦૦ | |
| | | ૩/૪ | ૧/૪ | ૩/૪ | ૧/૪ | ૩/૪ | ૧/૪ | ૩/૪ | ૧/૪ |
| | | × | ૧૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧૦,૦૦૦ | ૩૬,૦૦૦ | ૧૨,૦૦૦ | ૩૬,૦૦૦ | × |
| | | | ૪૦,૦૦૦ | | ૪૬,૦૦૦ | | ૪૮,૦૦૦ | | |

= ૧,૦૦,૦૦૦ - ૨૦,૦૦૦
= ૮૦,૦૦૦
૮૦,૦૦૦/૪ = ૨૦,૦૦૦ ત્રીમાસીક હપ્તો
૮૦,૦૦૦ × ૧૨% × ૩/૧૨
= ૨,૪૦૦ વ્યાજ ત્રિમાસિક

૧૯. તા. ૩૧-૧૨-૨૦૧૦ ના રોજનું શ્રી બજરંગ કંપની લિ. નું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | રૂ. | મિલકત લેણાં | રૂ. |
|---|---|---|---|
| | | દેવાદારો | ૨,૦૦,૦૦૦ |

વધારાની માહિતી :

(૧) દેવાદારોને બે માસની શાખ આપવામાં આવે છે.
(૨) ૨૦૧૧ ના વર્ષમાં વેચાણમાં ૫૦% વધારો થશે.
(૩) ૨૦૧૦ ના વર્ષમાં ઉધાર વેચાણ દર મહિને એક સરખી રીતે થયું છે અને તે જ રીતે ૨૦૧૧ ના વર્ષમાં થતું રહેશે.

ફેબ્રુઆરી અને માર્ચ માસની ઉઘરાણીની ગણતરી કરો.

(Ans: Feb ની ઉઘરાણી - 100,000, માર્ચ - 150,000)

(દ. ગુ. યુનિ., ટી.વાય., માર્ચ, ૨૦૧૧)

જવાબ : રૂ. ૨,૦૦,૦૦૦ નું દેવાદારોને કરેલ વેચાણ નવેમ્બર અને ડિસેમ્બર માસ વચ્ચે એક સરખી રીતે વહેંચાશે.
નવેમ્બર માસનું વેચાણ (દેવાદારો) = ૧,૦૦,૦૦૦ અને ડિસેમ્બર માસનું વેચાણ (દેવાદારો) = ૧,૦૦,૦૦૦
ઉધાર વેચાણ અંગે ઉઘરાણી :

| માસ | વેચાણ | | વધારો | | કુલ વેચાણ | ઉઘરાણી |
|---|---|---|---|---|---|---|
| નવેમ્બર | ૧,૦૦,૦૦૦ | | | = | ૧,૦૦,૦૦૦ | |
| ડિસેમ્બર | ૧,૦૦,૦૦૦ | | | = | ૧,૦૦,૦૦૦ | |
| જાન્યુઆરી | ૧,૦૦,૦૦૦ | + | ૫૦% | = | ૧,૫૦,૦૦૦ | |
| ફેબ્રુઆરી | ૧,૦૦,૦૦૦ | + | ૫૦% | = | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| માર્ચ | ૧,૦૦,૦૦૦ | + | ૫૦% | = | ૧,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |